# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત
## ગોપીપુરા, પારસીવાડ,સુરત-૩૯૫૦૦૧

જાનં. - ૮૭૩

નં.જ.પ્રો.ફંડ હિસાબ/ સને ૨૦૧૬-૧૭

તા. ૨૩/૦૫ /૨૦૧૯

પ્રતિ,

આચાર્ય/ આચાર્યાશ્રી,

તમામ ન. પ્રા. શાળા.

વિષય-: સને૨૦૧૬-૧૭, વર્ષની જનરલ પ્રોવીડન્ડ ફંડની વાર્ષિક હિસાબોની સ્લીપ આપવા બાબત.

જત ઉપરોકત વિષયના અન્વયે ન.પ્રા.શિ.સમિતિના આચાર્ય/આચાર્યાશ્રીઓને જણાવવાનું કે, સને ૨૦૧૬-૧૭, ના વર્ષની આ સ્લીપો ચાલુ મહિના ના પગારબીલ પ્રમાણે મોકલવામાં આવે છે. તેમ છતાં કોઇ શિક્ષક તમારી શાળામાં ન હોય, અને બદલીથી અન્ય શાળામાં ગયા હોય, અને તે કઇ શાળામાં છે તે જાણતાં હોય તો તે શાળામાં મોક્લી આપવી અને તેમનાં નામ સામે લાલ શાહીથી શાળા નંબરની નોંધ લખશો અને નવી યાદીમાં આવા નામો આમેજ કરવાના રહેશે. દરેક શાળાના આચાર્યશ્રીઓને જાણ કરવા ખાસ નોંધ લેવી.

તમારી શાળાના શિક્ષકો/તેડાગરની સહી કરેલી પહોંચ ભેગી કરાવી. પહોંચ નીચે શાળાના આચાર્યશ્રીના સહી/સિક્કા કરી તા. ૧૩ /૦૬/૨૦૧૯ના રોજ કેન્દ્ર શાળામાં મોકલી દેવી. તેમજ કેન્દ્ર શાળાએ આ પહોંચ તા. ૧૫/૦૬/૨૦૧૯ ના રોજ અત્રેની કચેરીએ મોકલવાની રહેશે.

નોંધ-:

૧. ૯૦% ઉપાડની અરજી નિવૃતિના ૧૦ માસ પહેલાં આપવી, જે માસમાં નિવૃતિ થવાની હોય, તે માસ અને તેના અગાઉના બે માસમાં આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

૨. નિવૃત થયા બાદ/ સત્રના અંતે નિવૃતિ બાદ જ.પ્રો. ફંડના આખરી ચૂકવણાંની રકમ મેળવવા માટેનાં ફોર્મ કચેરીની વેબ-સાઇડ www.municipalschoolboardsurat.org પર મુકવામાં આવેલ છે. વેબ-સાઇટ પરથી ફોર્મ-૧૦ખ મેળવી લેવાનું રહેશે. તેમાં દર્શાવેલ વિગત ભરી અત્રેની કચેરીને આપવાની રહેશે. ફોર્મ નંબર-૧૦ ખ સાથે છૂટાં થયાના ઓર્ડરની ઝેરોક્ષ કોપી, છેલ્લાં પાંચ વર્ષની જી.પી.એફ. ની સ્લીપની ઝેરોક્ષ કાઢી ખરી નકલમાં ગેઝેટેડ ઓફીસરના સહી-સિક્કા સાથે ની નકલ રજૂ કરવાની રહેશે. ફોર્મ-૧૦ખ ના પાન નંબર-૪,૭,૮ પર આચાર્યના સહી-સિક્કા કરી ફોર્મ મોકલવનું રહેશે.

૩. ઉપાડ, પેશગી, નોમિનેશન ફોર્મ, ૯૦% ઉપાડ, આખરી ચૂકવણાંનું ફોર્મ-૧૦ખ કચેરીની વેબ-સાઇડ પરથી મેળવી લેવા.

૪. અત્રેની કચેરીથી મળેલ સ્લીપ અંગેની પહોંચ કચેરીએ પરત કરવા નોંધ લેશો.

૫. જે શિક્ષક્નુ નામ જે તે શાળાના પગાર બીલમાં બોલાતું હોય ત્યાં જઈ જીપીએફ ની કપાત લખવી.

૬. નિવૃત થતાં શિક્ષકોએ છેલ્લાં પાંચ વર્ષની સ્લીપ સાચવવાની રહેશે.

નકલ રવાના:- અધ્યક્ષશ્રી,
ન. પ્રા. શિ. સ. સુરત

(સહી)

શાસનાધિકારી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,

સુરત.